dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
August 2010 | For private circulation only | Vol. 02 - Issue 39

Where the mind is without fear and the head is held high;
Where knowledge is free;
Where the world has not been broken up into fragments by narrow domestic walls;
Where words come out from the depth of truth;
Where tireless striving stretches its arms towards perfection;
Where the clear stream of reason has not lost its way into the dreary desert sand of dead habit;
Where the mind is led forward by thee into ever-widening thought and action-
Into that heaven of freedom, my Father, let my country awake. 35.

Gitanjali, By Gurudev Tagore

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

પંદરમી ઓગષ્ટના સ્વતંત્ર હિંદના ચોસઠમા જન્મદિનની આપ સૌને મુબારકબાદી પાઠવું છું. યોગાનુયોગ સ્વતંત્ર હિંદ અને શકયતાના શિલ્પી, બ્રહ્મર્ષિ, દાર્શનિક, ક્રાન્તદ્રષ્ટા અને કવિ, ગાંધીજીના સમકાલિન, વિવેકાનંદના હિમાયતી, તિલકના સહકાર્યકર, રવિન્દ્રનાથ ટાગોરના પૂજનીય, ભારતની આધ્યાત્મિકતાના જીવંત પ્રતીક, સનાતન રાષ્ટ્રજીવનના ઉદ્‌ગાતા એવા શ્રી અરવિંદનો જન્મદિવસ પણ પંદરમી ઓગષ્ટ. આજના આ મહાન પર્વના દિવસે આવો પંદરમી ઓગષ્ટ ૧૯૪૭ના દિવસે શ્રી અરવિંદે આપેલ સંદેશાનો બોધપાઠ ગ્રહણ કરીએ.

"ઓગષ્ટ ૧૫, ૧૯૪૭ એ સ્વતંત્ર ભારતનો જન્મદિવસ છે. ભારતને માટે આ દિવસે એક જૂનો યુગ પુરો થાય છે અને નવો યુગ બેસે છે. એટલું જ નહિ પણ આખા જગત માટે આપણે એને એક મહત્વનો દિવસ બનાવી શકીએ છીએ. એક સ્વતંત્ર પ્રજા તરીકેના આપણા જીવન અને કર્મ દ્વારા આખી માનવજાતિના ભાવિ માટે, તેના રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિકાસની દિશામાં એક નવા યુગનું મંડાણ આપણે કરી શકીએ છીએ."

પંદરમી ઓગષ્ટના આ સંદેશામાં શ્રી અરવિંદે પોતાના જીવનકાળ દરમિયાન સેવેલાં પાંચ સ્વપ્નની પણ વાત કરી હતી. "હું જેને હિંદના ભાવિ કાર્ય તરીકે ગણું છુ. તે કાર્યની આ અંગભૂત વસ્તુઓ છે, અને એ કાંઈક એવું કાર્ય છે કે જેમાં હિંદે એક અગ્રણી તરીકેનો ભાગ ભજવવાનો જ રહે છે. ...હિંદનો આ જે ઉદય થઈ રહેલો છે તે માત્ર તેનાં સ્થૂલ હિતોની સાધના માટે જ નથી થતો... આ ઉદય પામીને તો હિંદે પ્રભુને ખાતર અને જગતને ખાતર આખીયે માનવજાતિના મદદગાર અને નેતા તરીકે જીવવાનું છે. આ લક્ષ્યો અને આદર્શો, તેમના નૈસર્ગિક ક્રમમાં આ પ્રમાણેના રહેલાં છે.

- પ્રથમ, હિંદની સ્વતંત્રતા અને એકતા સિધ્ધ કરી આપી શકે તેવી એક ક્રાંતિ ઊભી કરવી; - ભાગલા જવા જ જોઈએ. આ એક અનિવાર્ય આવશ્યકતા છે, એ વગર ભારત ભવિષ્યમાં મહાન નહીં બની શકે.

- બીજું સ્વપ્ન, એશિયાની નવજાગૃતિ અને મુકિત સાધવી અને માનવ સંસ્કૃતિની પ્રગતિમાં તેણે ભૂતકાળમાં જે મહાન ભાગ ભજવ્યો છે તે ભાગ ભજવનારની સ્થિતિ તેને મેળવી આપવી; - એશિયાના મોટાભાગના રાષ્ટ્રો સ્વતંત્ર થઈ ગયા છે.

- ત્રીજું સ્વપ્ન, માનવજાતિ માટે એ નૂતન અને વધુ મહાન, વધુ તેજસ્વી અને વધુ ઉમદા જીવનનું સર્જન કરવું - અને આવું જીવન પૂર્ણ રીતે સિધ્ધ થવાનો આધાર જગતની પ્રજાઓના ભિન્ન ભિન્ન વહેતા જીવન પ્રવાહોને એક આંતરરાષ્ટ્રીય રીતના એકીકરણમાં યોજવા ઉપર રહેશે, તેમજ આ એકીકરણ એવું હશે કે તેમાં દરેક પ્રજાના રાષ્ટ્રીય જીવનને સાચવી રાખીને તેમજ સુરક્ષિત રાખીને એ બધી પ્રજાઓને આ રાષ્ટ્રીય જીવન કરતાં પણ એક વધુ મહાન પ્રકારની અને એ જીવનના અંતિમ પરિણામ જેવી એકતામાં મૂકી આપવામાં આવશે; - શ્રી અરવિંદ વિશ્વ એકતાની ભાવનાથી પ્રત્યેક રાષ્ટ્ર જોડાયેલો હોય તેવા વિશ્વસંઘને ઈચ્છતા હતા.

- એમનું ચોથું સ્વપ્ન, હિંદ તરફથી આખીયે માનવજાતિ પોતાના આધ્યાત્મિક જ્ઞાનની, તેમજ જીવનને આધ્યાત્મિક કરવાનાં સાધનોની ભેટ મળે; - પોતાના મહાન આધ્યાત્મિક સત્યો દ્વારા ભારત જગતને નવા યુગ તરફ લઈ જશે તેની હવે જગતના તત્ત્વચિંતકોને પ્રતીતિ થઈ રહી છે.

• શ્રી અરવિંદનું પાંચમું અને અંતિમ સ્વપ્ન, માનવજાતિના વિકાસમાં, ચેતનાને એક વધુ ઉચ્ચ ભૂમિકા ઉપર મૂકી આપીને માનવના વિકાસક્રમમાં એક નવું પગલું સિધ્ધ કરવું, કેમ કે આ વિકાસક્રમના નવપ્રસ્થાનમાંથી જ, માનવે જયારથી વ્યકિતની પૂર્ણતા વિષે તેમજ એક પૂર્ણ સમાજ વિષે વિચાર કરવા માંડયો, સ્વપ્ન સેવવા માંડયાં, ત્યારથી જ જે અનેકવિધ પ્રશ્નો ઉભા થઈ થઈને માનવજાતિને મૂંઝવતા અને પજવતા રહેલા છે તે સર્વ પ્રશ્નોના નિરાકરણનો આરંભ થશે.

પોતાના આ પાંચ સ્વપ્નોની આ સંદેશામાં વાત કરીને તેમણે જણાવ્યું હતું કે, "હિંદની મુકિતની આજની તારીખમાં હું આ રીતનું રહસ્ય મૂકું છું." આજના આ પવિત્ર દિને ચાલો, શ્રી અરવિંદના દિવ્ય સંદેશને ચરિતાર્થ કરવા "રાષ્ટ્ર ભકિત"ની અહલેક જગાવીએ. રાષ્ટ્રભકિત વિષે તેઓનું માનવું હતું કે, " ભૌતિક અથવા સ્થૂળ દ્રષ્ટિથી સ્વાતંત્ર્ય બોલવાનો કોઈ અર્થ નથી." સમયની પ્રતિક્રિયાને કારણે ઉભી થયેલી રાષ્ટ્રભકિત ઉપર તેમને ભરાસો નહોતો. તેઓ માનતા હતા કે રાષ્ટ્રભકિતના આંદોલનો આધ્યાત્મિકતાના નકકર પાયા ઉપર ઉભેલા હોવાં જોઈએ.. આપણા દેશવાસીઓ "આપણાપણાને ભૂલવા" અને "ધર્મનિરપેક્ષતા" વિગેરેની મોહક નારાબાજીમાં પશુ ભાવનું અનુગમન કરવાના ભયથી ગ્રસ્ત છે, ત્યારે રાષ્ટ્રીય કર્તવ્ય જીવનને આધ્યાત્મિકતાના રસમાં બોળી વિશ્વમાં શાંતિનું સામ્રાજય સ્થાપિત કરવાનું છે."

આવી ઉચ્ચકોટિની રાષ્ટ્ર ભાવના વિકસાવવા સાચી અને જીવંત કેળવણી આપવી એ જ ઉપાય છે. શ્રી અરવિંદના મતે, "એક સાચી અને જીવંત કેળવણીમાં આપણે ત્રણ વસ્તુઓનો ખ્યાલ રાખવાનો છે. એ વસ્તુઓ છે માણસ પોતે, એટલે કે પોતાની સામાન્યતામાં અને અનન્યતામાં રહેલી એવી વ્યકિત, રાષ્ટ્ર અથવા તો પ્રજા અને વિશ્વની માનવતા. જે કેળવણી માનવમાં જે જે વસ્તુઓ રહેલી છે તે બધીને પૂરેપૂરી રીતે બહાર લઈ આપવામાં મદદ કરતી હોય અને માનવજીવનના પૂર્ણ હેતુને તથા વિકાસને સિધ્ધ કરવાને એ વસ્તુઓ તૈયાર કરતી હોય એ જ માત્ર સાચી અને જીવંત કેળવણી છે... હિંદે માણસમાં એક મનોમય પુરુષ, એક બૌધ્ધિક, નૈતિક, સક્રિય અને વ્યવહારુ પુરુષ, રસાત્મક અને ભોગાત્મક પુરુષ રહેલો છે, તેનામાં એક પ્રાણમય અને સ્થૂલ શારીરિક પુરુષ છે એવો ભેદ હંમેશાં કરેલો છે અને તે બધાને કેળવ્યા છે. ...આ બધાને તેણે આત્માની શકિતઓ તરીકે જોયા છે... આ જે આધ્યાત્મિક સ્વરૂપ છે તેમાં જ હિંદે માનવના આત્માનું અને તેની છેવટની દિવ્ય માનવતાનું, તેના પરમાર્થનું અને ઉત્તમોત્તમ પુરુષાર્થનું પરમ આવિષ્કરણ જોયું છે."

સાચી અને જીવંત કેળવણી, "એવી હોવી જોઈએ કે તે વ્યકિતને માટે તેના આત્માની અને તેની શકિતઓ અને શકયતાઓની વૃધ્ધિ સધાય એને જ પોતાનું એક માત્ર મધ્યવર્તી લક્ષ્ય બનાવશે, રાષ્ટ્રને માટે તેના રાષ્ટ્ર-આત્માનું અને ધર્મનું સંરક્ષણ થાય, એ રાષ્ટ્ર-આત્મા અને ધર્મ બળવાન અને સુસમૃદ્ધ બને એ વસ્તુને તે પ્રથમ દ્રષ્ટિમાં રાખશે અને વ્યકિત તથા રાષ્ટ્ર બંનેને તે માનવજાતિના જીવનની તથા આરોહણ કરતા મનની શકિતઓ રૂપે બનાવી આપશે."

ભારતને માટે રાષ્ટ્રીય કેળવણી અંગે શ્રી અરવિંદ જણાવે છે કે, "હિંદ પાસે આત્માનું જ્ઞાન છે, અથવા કહો કે હતું, પરંતુ તેણે જડત્વ પ્રતિ ઉપેક્ષા કરેલી હતી અને તેને કારણે તેણે સહન કર્યું છે. પશ્ચિમ પાસે જડતત્વનું જ્ઞાન છે, પરંતુ તેણે આત્માનો ઈનકાર કર્યો છે અને તેને કારણે તે સહન કરી રહયું છે. પૂર્ણ કેળવણી એવી હોવી જોઈએ કે તેને થોડાએક ફેરફારો સાથે જગતના બધા દેશોને લાગુ પાડી શકાય. એ કેળવણીએ એક પૂર્ણ રીતે વિકસી ચૂકેલા અને ઉપયોગમાં લેવાઈ રહેલા જડતત્વ ઉપર આત્માની સાચી સત્તા સ્થાપી આપવી જોઈએ.

શ્રી અરવિંદના મતે કેળવણી-'પૂર્ણ કેળવણી' બને તે માટે મનુષ્યની મુખ્ય પાંચ પ્રકારની પ્રવૃત્તિઓને કેળવવા પર ભાર મૂકાવો જોઈએ તે છે : શારીરિક કેળવણી, પ્રાણની કેળવણી, મનની કેળવણી, આત્માની કેળવણી અને આધ્યાત્મિક કેળવણી. શરીરની કેળવણી એટલે કે શરીરની ક્રિયાઓ પર કાબુ અને નિયમન, શરીરનાં સર્વ અંગો અને હલનચલનનો એક સંપૂર્ણ, પધ્ધતિસર અને સુમેળભર્યો વિકાસ, અને શરીરમાં કોઈ ખામીઓ કે વિકૃતિઓ હોય તો તેનો ઈલાજ. પ્રાણની કેળવણી એટલે વ્યકિતએ પોતે સભાન બનવું, પોતાના ચારિત્ર્ય ઉપર ધીરે ધીરે સંપૂર્ણ પ્રભુત્વ મેળવવું, અને છેવટે તેનું રૂપાંતર સાધવું. મનની કેળવણી એટલે એકાગ્રતાની શકિત; વિસ્તાર, વિશાળતા, સંકુલતા અને સમૃધ્ધતાની શકિતઓનો વિકાસ; ચેતનાના ઊર્ધ્વ પ્રદેશોમાંથી આવનારી પ્રેરણાઓને વધુમાં વધુ ઝીલતા થવાની શકિતને કેળવવી. અંતરાત્માની કેળવણી એટલે જીવનના સાચા લક્ષ્યને સમજવાની તથા પામવાની તૈયારી. આધ્યાત્મિક કેળવણી એટલે 'સ્વ' થી કેવળ પર થઈ જવાની તાલીમ.

કવિ શ્રી રવીન્દ્રનાથ ટાગોર ૨૯મી મે ૧૯૨૮ના દિને પૉંડિચેરી આવ્યા હતા. શ્રી અરવિંદને મળ્યા પછી તેમણે લખ્યું હતું. ..."તેમની વાણીમાં હું પુરાતન હિન્દુ ઋષિના ઉદ્ગારો અનુભવી શકયો; આ ઉદ્ગારો માનવ આત્માને સર્વમાં પ્રવેશવાની મુકિત આપનાર સમતાના ઉદ્ગારો હતા. મેં તેમને કહયું, "આપની પાસે શબ્દ છે અને અમે તે આપની પાસેથી સ્વીકારવાની રાહ જોઈ રહયા છીએ. ભારત આપના અવાજ દ્વારા વિશ્વને ઉદ્બોધન કરશે. ..."આજે મેં જ્ઞાનની મૌન સમૃધ્ધિસભર ઊંડેરા વાતાવરણમાં તેમના દર્શન કર્યા અને મેં મૌન શાંતિમાં ફરીથી તેમને માટે ગાયું. :

'અરવિંદ ! સ્વીકાર નમસ્કાર રવીન્દ્ર તણા.'

અંતે, આર્નોલ્ડ ટોયાન્બીની વાતથી આઝાદીના આ પાવન પર્વની શુભકામના વ્યકત કરી મારી વાત પૂરી કરીશ. "હું ઈતિહાસ તરફ નજર કરું ત્યારે નિરાશાવાદી બની જાઉ છું, પરંતુ ઉત્ક્રાંતિ તરફ નજર નાખું ત્યારે આશાવાદી બની જાઉં છું. "


૧૫ ઓગષ્ટ, ૨૦૧૦

બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## સ્વાતંત્ર્ય પર્વ





૬૪માં સ્વાતંત્ર્ય પર્વની ઊજવણી પ્રસંગે કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિએ યુનિવર્સિટી પરિસરમાં ધ્વજવંદન કર્યું હતું. આ પ્રસંગે કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિએ ઉપસ્થિત સૌ કોઈને અભિનંદન આપતાં યુનિવર્સિટી, રાજ્ય અને રાષ્ટ્રના વિકાસમાં યથાશકિત ફાળો આપવા અનુરોધ કર્યો હતો. તદ્‌પરાંત છેલ્લા એક વર્ષમાં યુનિવર્સિટીએ કરેલ પ્રગતિનો ચિતાર આપ્યો હતો. આ પાવન પ્રસંગે કુલસચિવશ્રી જે. આર. મહેતા, યુનિવર્સિટીના પદાધિકારીઓ, અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ, કર્મચારી પરિવાર તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

## ડીન - વિજ્ઞાન વિદ્યાશાખા



યુનિવર્સિટીના સાયન્સ ફેકલ્ટીનાં ચૂંટાયેલા ડીનશ્રી ડૉ. એમ. એચ. પરબીયા વયમર્યાદાને કારણે તા. ૧૪-૦૬-૨૦૧૦ નાં રોજ નિવૃત થતાં પ્રસ્તુત ફેકલ્ટીનાં ડીનની ખાલી પડેલી (તા. ૩૧-૦૭-૧૨ સુધીના સમય માટેની) જગ્યા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ધારાની કલમ ૨૫ (૧) હેઠળની જોગવાઈ અનુસાર બાકી રહેતી મુદત માટે એકેડેમિક કાઉન્સિલ પર વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષ (Dean) ની તા. ૦૫-૦૮-૧૦ ના રોજ યોજનાર ચૂંટણી માટે નિયત સમયમાં કાર્યાલયને ફકત એક જ ઉમેદવારીપત્ર મળતાં અને તે ચકાસણી સમિતિ દ્વારા માન્ય ઠરતાં વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષ (Dean) માટે નીચે જણાવેલ ઉમેદવારને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવે છે. અભિનંદન.

૧. વિજ્ઞાન વિદ્યાશાખા, ડૉ. પંકજ કે. ગઢિયા, હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ બાયોસાયન્સ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

યુનિવર્સિટીના નીચે જણાવેલા ધારા સ્ટેટયૂટ અને ઓર્ડિનન્સની સંબંધકર્તા જોગવાઈ મુજબ જે તે વિદ્યાશાખાના ઉપરોકત અધ્યક્ષ તેમના હોદ્દાની રૂએ નીચે મુજબ જે તે અધિકારમંડળો / સમિતિના હોદ્દાગત સભ્ય પણ બને છે. (૧) યુનિવર્સિટી ધારાની કલમ ૨૧ (૧) (iii) અન્વયે એકેડેમિક કાઉન્સિલના સભ્ય (૨) યુનિવર્સિટી ધારાની કલમ ૪૭ / એ (૧) અન્વયે એકઝામિનર્સ કમિટિના સભ્ય (૩) સ્ટેટયૂટ ૧૩૪ અન્વયે અનુસ્નાતક શિક્ષણ મંડળના સભ્ય (૪) સ્ટેટયૂટ ૧૮૯ અન્વયે, બોર્ડ ઓફ યુનિવર્સિટી પબ્લિકેશનના સભ્ય (૫) ઓર્ડિનન્સ ૧ (iv) અન્વયે ગ્રંથાલય સમિતિના સભ્ય (૬) પરીક્ષા સમકક્ષતા સમિતિના સભ્ય.

## કાર્ય શિબિર




યુનિવર્સિટીમાં આ વર્ષથી અનુસ્નાતક કક્ષાએ ચોઈસ બેઈઝ ક્રેડીટ સિસ્ટમ અને સેમીસ્ટર સીસ્ટમ અમલમાં આવે છે. આ સંદર્ભે અનુસ્નાતક શિક્ષણ કાર્ય સાથે સંકળાયેલા અધ્યાપકો વચ્ચે સમાન સમજ, સ્પષ્ટતા અને જાણકારી ઊભી થઈ શકે તે હેતુથી યુનિવર્સિટીના ઉપક્રમે અને શ્રીમતી સી.ડી. જોબાલીયા રોફેલ આર્ટસ એન્ડ શ્રીમતી આઈ.એસ.આર. અચ્છારીવાલા રોફેલ કોમર્સ કોલેજના યજમાન પદે તા. ૨૪-૭-૧૦ના રોજ કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યશિબિરમાં ૧૩૩ અધ્યાપકો અને ૧૮ આચાર્યોએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ડૉ. એ.કે. સીંગ, કન્વીનર, કે.સી.જી. પ્રિ. ડૉ. દક્ષાબેન સી., હોમસાયન્સ કોલેજ, સુરેન્દ્રનગર, ડૉ. મારવાણીયા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ, તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિનયન અને વાણિજય શાખાના અધ્યક્ષશ્રીઓ ડૉ. જગદીશ એચ. ગુર્જર અને ડૉ. વી.ડી. નાયક સમાંતર બેઠકમાં વિષયવાર સમજૂતી આપી હતી. સમગ્ર કાર્યશિબિર દરમ્યાન કુલપતિશ્રી પ્રો. ડૉ. બી.એ. પ્રજાપતિએ દિશાસૂચન અને માર્ગદર્શન આપી અધ્યક્ષ સ્થાન શોભાવ્યું હતું. કોલેજ પરિવારના તમામ સભ્યોની ઉત્સાહપૂર્વક મહેનતને પરિણામે કાર્યક્રમ સુંદર રીતે પૂર્ણ થયો હતો.

## ડીન, સી.ડી.સી.

ડીન, કોલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલ (સી.ડી.સી) જગાનો હવાલો ડૉ. પંકજકુમાર કાંતિલાલ ગઢીયા, પ્રોફેસર અને હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ બાયોસાયન્સ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતને સોંપવામાં આવેલ છે.

Dr. Pankaj Kantilal Gadhia.
I/C Dean, College Development Council
Veer Narmad South Gujarat University
University Campus, Udhna-Magdalla Road
Surat-395007 (Gujarat)
Ph.: (Off) EPABX : 0261 -2227141-46 Ext : 1015
Direct : 0261-2203015, 2203125
Fax : 0261-2227312
Resi.: 0261-2224037
Mob.: 98251 63395

## સરનામું


- M.Sc.(Bio-Technology) ના સ્વનિર્ભર અભ્યાસક્રમનો પત્ર-વ્યવહાર નીચેના સરનામે કરવો.

ડૉ. ગૌરવ સુરેશચંદ્ર શાહ
કો. ઓર્ડિનેટર
એમ.એસ.એસસી. (બાયો-ટેકનોલોજી) સ્વનિર્ભર પ્રોગ્રામ,
સી.આર.સી., વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
સુરત - ૩૯૫૦૦૭.

- ગણિતશાસ્ત્ર અનુસ્નાતક અભ્યાસક્રમનો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.

Dr. Munir Ahmed G. Timol
In charge Head
Department of Mathematics
Veer Narmad South Gujarat University
Surat-395007

## વૃક્ષારોપણ



- યુનિવર્સિટી પરિસરમાં તા. ૩૧-૦૭-૨૦૧૦ના રોજ કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિ અને કુલસચિવશ્રી જે. આર. મહેતાએ વૃક્ષારોપણ કર્યું.



- યુનિવર્સિટીના શિક્ષણ વિભાગમાં શિક્ષણ - પ્રશિક્ષણના ભાગરૂપે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. શિક્ષણ ભવનની આસપાસ અધ્યાપકો, બિનશૈક્ષણિક કર્મચારીઓ અને અધ્યાપકો દ્વારા તા. ૩૧-૭-૨૦૧૦ના રોજ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આ વૃક્ષોનું જતન અને સંરક્ષણ કરવાની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.
- યુનિવર્સિટીના બાયો ટેકનોલોજી વિભાગના તમામ સભ્યોએ ભવનની આગળના ભાગમાં વૃક્ષારોપણ કર્યુ હતું.



## કોમ્પિટિશન

યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા ચલાવવામાં આવતા માસ્ટર ઓફ બિઝનેશ ઈકોનોમિકસ (એમ.બી.ઈ.)ના પ્રથમ અને તૃતિય સિમેસ્ટરના વિદ્યાર્થીઓ વચ્ચે વિભાગીય વડાશ્રી ડૉ. સુભદ્રા રાગોથામનના માર્ગદર્શન તળે Know Your Campus ટાઈટલ હેઠળ એક કવીઝ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. કવીઝ માસ્ટર તરીકે ડૉ. ગૌરાંગ રામીએ પ્રશંસનીય કાર્ય કર્યુ હતું. આ સ્પર્ધામાં પ્રથમ સિમેસ્ટરના નિખીલ મહેશ્વરી, ઉર્વીશ દલાલ અને યોગેશ સાવંતની ટીમ વિજેતા જાહેર થઈ હતી. જયારે ત્રીજા સિમેસ્ટરના નીલકંઠ રંગુનવાલા, કલ્પેશ સંકલેચા તથા હાર્દિક શાહની ટીમ પ્રથમ રનર્સઅપ રહી હતી. વિભાગ દ્વારા તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર તથા વિજેતા ટીમને રોકડ ઈનામ એનાયત કરવામાં આવ્યું હતું.

## વર્કશોપ

રાજીવ ગાંધી નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ યુથ ડેવલોપમેન્ટ પેરામ્બદુર તથા રિજયોનલ સેન્ટર, અમદાવાદ યોજિત-'સોશ્યલ હાર્મની અને નેશનલ યુનિટી'ની કાર્યશાળા તા. ૧૯ થી ૨૩, જુલાઈ ૨૦૧૦ના રોજ ગુજરાત વિદ્યાપીઠ - અમદાવાદ ખાતે સંપન્ન થઈ જેમાં દરેક યુનિવર્સિટીના પાંચ પ્રોગ્રામ ઓફિસરોએ ભાગ લેવાનો હતો. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાંથી પ્રા. વિજયભાઈ ચૌધરી (અમરોલી કોલેજ), પ્રા. એમ. કે. શાહ (જંબુસર), પ્રા. જે. આર. પટેલ (બિલીમોરા-આર્ટ્સ-સાયન્સ), પ્રા. ચિરાગભાઈ દેસાઈ (આર્ટ્સ-કોમર્સ બારડોલી), પ્રા. મહેન્દ્રભાઈ ત્રિવેદી (ધારુકાવાલા કોલેજ, સુરત.) ભાગ લીધો હતો. માસ્તર ટ્રેઈનર તરીકે દિલ્હી સ્થિત ડૉ. એસ.કે.કપૂર હતા. વિવિધ નિષ્ણાંતો દ્વારા કોમી એકતાના વિવિધ વિષયો પર દરેકને સહભાગી બનાવીને રજૂ કરી હતી. વિશિષ્ટ વાતાવરણમાં યોજાયેલ આ કાર્ય શાળાને સફળ બનાવવા N.S.S. પ્રો. કો. ઓ. ડૉ. અરૂણભાઈ, યુથ ઓફિસર અને હેડ, રિજયોનલ સેન્ટર અમદાવાદના શ્રી ગઢવાલે પ્રયત્નો કર્યા હતા. પ્રસ્તુત તાલિમની પુસ્તિકા પણ આપવામાં આવી હતી. ડેપ્યુટી એડવાઈઝર - ભારત સરકારના રાષ્ટ્રીય સેવા યોજનાના અધિકારી શ્રી એસ.કે.સહાની સમાપન સમારંભમાં વિશેષ હાજર રહયાં હતા. ગુજરાત વિદ્યાપીઠના કુલપતિશ્રી આયંગર તથા રજિસ્ટ્રારશ્રીએ શિબિરમાં હાજર રહી પ્રેરક પ્રવચન આપ્યું હતું.

## Result

| Sr. No. | Exam | Percentage |
|---|---|---|
| 169 | B.Arc. Sem 4 | 91.00 |
| 170 | B.Arc. Sem 6 | 98.00 |
| 171 | B.Arc. Sem 9 | 20.00 |
| 172 | B.Arc. Sem 1 | 37.00 |
| 173 | B.Arc. Sem 10 | 87.00 |
| 174 | B.Arc. Sem 2 | 75.00 |
| 175 | B.Arc. Sem 3 | 77.78 |
| 176 | B.Arc. Sem 8 | 95.00 |
| 177 | B.E. Sem 3 (New Scheme) ECC | 00.00 |
| 178 | B.E. Sem 3 (New Scheme) IT | 00.00 |
| 179 | B.E. Sem 3 (New Scheme) Civl | 00.00 |
| 180 | B.E. Sem 3 (New Scheme) Comp. | 00.00 |
| 181 | B.E. Sem 3 (New Scheme) Elec. | 1.00 |
| 182 | B.E. Sem 3 (New Scheme) IC | 00.00 |
| 183 | B.E. Sem 3 (New Scheme) Mech. | 3.41 |
| 184 | B.E. Sem 3 (New Scheme) TP | 9.1 |
| 185 | B.E. Sem 4 (Civil) | 99.00 |
| 186 | B.E. Sem 4 Chemical | 95.62 |
| 187 | B.E. Sem 4 Computer | 97.00 |
| 188 | B.E. Sem 4 ECC | 96.00 |
| 189 | B.E. Sem 4 Electrical | 95.00 |
| 190 | B.E. Sem 4 IC | 94.87 |
| 191 | B.E. Sem 4 IT | 97.00 |
| 192 | B.E. Sem 4 Mechanical | 98.00 |
| 193 | B.E. Sem 4 TP | 100.00 |
| 194 | B.E. Sem 4 TT | 100.00 |
| 195 | B.E. Sem 5 Chemical | 38.79 |
| 196 | B.E. Sem 5 Computer | 41.67 |
| 197 | B.E. Sem 5 ECC | 60.27 |
| 198 | B.E. Sem 5 Electrical | 46.6 |
| 199 | B.E. Sem 5 IC | 60.00 |
| 200 | B.E. Sem 5 IT | 52.38 |
| 201 | B.E. Sem 5 Mechanical | 52.41 |
| 202 | B.E. Sem 5 TT | 100 |
| 203 | B.E. Sem 6 Chemical | 93.00 |
| 204 | B.E. Sem 6 Computer | 97.00 |
| 205 | B.E. Sem 6 EC | 96.00 |
| 206 | B.E. Sem 6 Electrical | 96.00 |
| 207 | B.E. Sem 6 IC | 98.00 |
| 208 | B.E. Sem 6 IT | 97.00 |
| 209 | B.E. Sem 6 Mechanical | 96.00 |
| 210 | B.E. Sem 6 TP | 99.00 |
| 211 | B.E. Sem 6 TT | 100 |
| 212 | B.E. Sem 8 (Chemical) | 91.00 |
| 213 | B.E. Sem 8 (Civil) | 76.00 |
| 214 | B.E. Sem 8 (Computer) | 95.00 |
| 215 | B.E. Sem 8 (E.C.) | 96.00 |
| 216 | B.E. Sem 8 (Ele) | 96.00 |
| 217 | B.E. Sem 8 (I.C.) | 97.00 |
| 218 | B.E. Sem 8 (I.T.) | 100 |
| 219 | B.E. Sem 8 (I.T.) | 95.00 |
| 220 | B.E. Sem 8 (Mech.) | 93.00 |
| 221 | B.E. Sem 8 (T.P.) | 97.00 |
| 222 | B.E. Sem 3 (Chemical) | 28.87 |
| 223 | B.E. Sem 3 (Civil) | 37.70 |
| 224 | B.E. Sem 3 (Computer) | 52.22 |
| 225 | B.E. Sem 3 (E.C.C.) | 44.93 |
| 226 | B.E. Sem 3 (Electrical) | 41.97 |
| 227 | B.E. Sem 3 (I.C.) | 29.73 |
| 228 | B.E. Sem 3 (I.T.) | 80.00 |
| 229 | B.E. Sem 3 (Mechanical) | 45.71 |
| 230 | B.E. Sem 3 (T.P.) | 100.00 |
| 231 | B.E. Sem 7 (Chemical) | 56.92 |
| 232 | B.E. Sem 7 (Civil) | 66.67 |
| 233 | B.E. Sem 7 (Computer) | 72.22 |
| 234 | B.E. Sem 7 (E.C.) | 45.83 |
| 235 | B.E. Sem 7 (Electrical) | 59.62 |
| 236 | B.E. Sem 7 (I.C.) | 00.00 |
| 237 | B.E. Sem 7 (I.T.) | 66.67 |
| 238 | B.E. Sem 7 (Mechanical) | 81.58 |
| 239 | B.E. Sem 7 (T.P.) | 50.00 |
| 240 | B.E. Sem II (Division I) | 97.00 |
| 241 | B.E. Sem II (Division II) | 98.00 |
| 242 | B.E.Sem 1 (Dn.1) | 44.51 |
| 243 | B.E.Sem II (Dn.2) | 39.16 |
| 244 | B.H.M.S.(4th Year) (Suppl.) | 94.74 |
| 245 | B.I.D. S.Y. | 100.00 |
| 246 | B.Opto. 4th year | 100 |
| 247 | B.Opto. Sem 2 | 88.89 |
| 248 | B.Opto. Sem 4 | 93.33 |
| 249 | B.Opto. Sem 6 | 85.75 |
| 250 | B.Sc. (S.Y.) Nursing | 100 |
| 251 | B.Sc. Sem 4 (Bio tech) | 93.91 |
| 252 | B.Sc. Sem 5 (Bio tech) | 66.67 |
| 253 | B.Sc. Sem 3(Bio tech) | 44.93 |
| 254 | L.L.M. (Part I) | 16.31 |
| 255 | L.L.M. (Part II) | 68.63 |
| 256 | M.B.B.S. (F.Y.) | 61.09 |
| 257 | M.B.E. Sem 2 | 94.12 |
| 258 | M.B.E. Sem 4 | 90.91 |
| 259 | M.C.A. Sem 4 | 97.92 |
| 260 | M.C.A. Sem 3 | 45.45 |
| 261 | M.C.A. Sem 1 | 30.77 |
| 262 | M.C.A. Sem 2 | 69.23 |
| 263 | M.C.A. Sem 5 | 79.31 |
| 264 | M.C.A. Sem 6 | 100.00 |
| 265 | M.L.W. Part-1 | 64.00 |
| 266 | M.Pharm. Part I | 100 |
| 267 | M.Sc. Sem 2 (Bio infor) | 88.89 |
| 268 | M.Sc. Sem 6 (Bio tech) | 92.50 |
| 269 | M.Sc. Sem 8 (Bio tech) | 100 |
| 270 | M.Sc. Sem 10 (I.T.) | 98.96 |
| 271 | M.Sc. Sem 2 (I.C.T.) | 90.48 |
| 272 | M.Sc. Sem 4 (Bio Info.) | 100.00 |
| 273 | M.Sc. Sem 4 (Env.) | 100.00 |
| 274 | M.Sc. Sem 4 (I.C.T.) | 98.15 |
| 275 | N.H.M.S. (T.Y.) | 87.04 |
| 276 | P.G.D.C.A. Sem 1 (Reg) (Old) | 08.33 |
| 277 | P.G.D.C.A. Sem 2 (Part time) | 50.00 |
| 278 | P.G.D.C.A. Sem 2 (Reg) | 28.00 |
| 279 | P.G.D.C.A. Sem 1 (Part time) | 12.5 |
| 280 | P.G.D.C.A. Sem 3 (Part time) | 33.33 |
| 281 | P.G.D.C.A. Sem 2 (Old) | 66.67 |
| 282 | P.G.D.C.A. Sem 2 (Part time) | 16.67 |
| 283 | P.G.D.M.L.T. | 87.5 |

## મોબાઈલ ફોન પ્રતિબંધ

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પરચ. ૧૨૨૦૧૦/૧૮૫૪/વ.૨ સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૨૮/૭/૨૦૧૦ થી શાળા કોલેજોમાં મોબાઈલ ફોનના વપરાશ પર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે. શાળા કોલેજોમાં મોબાઈલ ફોનના વપરાશ અંગે નીચે મુજબની પ્રતિબંધાત્મક સૂચનાઓ આપવામાં આવે છે. (૧) ધોરણ-૧૨ સુધીની (એટલે કે તમામ) શાળાઓમાં વિદ્યાર્થીઓએ મોબાઈલ ફોન લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. આ શાળાઓના શિક્ષકો સહીત તમામ કર્મચારીઓ તથા શાળામાં આવતા વાલીઓ સહીતના મુલાકાતીઓ વર્ગખંડ, ગ્રંથાલય, પ્રયોગશાળા કે શૈક્ષિણક બાબત સાથે સંકળાયેલ કોઈપણ જગ્યાએ મોબાઈલ વાપરી શકશે નહિ. (૨) કોલેજ સ્તરે (ધોરણ-૧૨ પછી) પણ વર્ગખંડ, ગ્રંથાલય, પ્રયોગશાળા કે શૈક્ષિણક બાબત સાથે સંકળાયેલ કોઈપણ જગ્યા એ વિદ્યાર્થીઓ, શિક્ષકો સહીત તમામ કર્મચારી તથા વાલીઓ સહિતના તમામ મુલાકાતીઓ મોબાઈલ વાપરી શકશે નહિ.

## Special Guest Lecture



Center for the Study of Social Exclusion and Inclusive Policy, Department of Sociology has organized a Special Guest Lecture on Marginalization and Exclusion on 14th August 2010. Prof Suguna Pathy, head of the Sociology Department, in her welcome address observed that after 63 years of Independence, still many groups and communities are marginalized and excluded from the fruits of development and thus needs to be addressed the concerned issues of marginalization. She introduced the guest of the day Prof. John Kattakayam who is President of Indian Sociological Society and also Director of Administrative Staff College, University of Kerala, Trivandrum. Indeed it's a great pleasure and honor to mention that Prof. John Kattakayam the current President of the Indian Sociological Society, the renowned professional body,released VNSGU Journal of Humanities and Social Sciences, Vol. 2, No: 1 Jan-June 2010 before he began the proceedings of the lecture. Prof John Kattakayam shared his expertise and sociological knowledge in three sessions. First session was on Land alienation of Tribal People and Exclusion, where he threw light on the land ownership problems of tribal people in all over India. He gave a detailed statistical account of the problems in various States of India like Rajasthan, Maharashtra, Andhra Pradesh, Karnataka, Bihar, Chattisgarh, Jharkhand, UP, MP, etc. While in second lecture Prof John talked about Education and Exclusion and how different factors are responsible for illiteracy among the marginalized groups, like discrimination at the educational institutions because of their caste, ethnicity and gender. In the third session he had elaborated the issues of the aged and how they are systemically excluded from the mainstream society. This session was specially organized for MSW students to sensitize them regarding the concerns of the Senior Citizens in our society.



## સ્પર્ધા



યુનિવર્સિટી ઓફ કલકત્તા, કોલકત્તા મુકામે આંતર યુનિવર્સિટી તરણ (ભાઈઓ/બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી ડૉ. બી. એ. પ્રજાપતિના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી જે.આર. મહેતા અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેન ડૉ. વિનોદભાઈ પટેલના અતિથિવિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે ઝળહળતું કરી કીર્તિમાન સ્થાપવા ખેલાડીઓને શુભેચ્છા આપી. યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતાં. યુનિવર્સિટીના સહાયક નિયામકશ્રી કપિલદેવ શુકલે ખેલાડીઓનો પરિચય કરાવી આભારવિધિ કરી હતી. આ ટીમના ખેલાડી ભાઈઓને કોચશ્રી પરિક્ષિત ઈચ્છાપોરીયાએ કોચીંગ આપ્યુ હતુ. મેનેજર તરીકે શ્રી દિનેશ પરમાર સેવા આપી રહયા છે. ટીમ : (૧) શ્રી સારંગ ધવલ આર. (૨) શ્રી કંઠારીયા જયમીન કે. (૩) શ્રી પટેલ જય ડી. (૪) કુ. સારંગ ઉર્વશી આર. (૫) કુ. જોષી હેલી પી.

## ગ્રંથાલય





CMIE દ્વારા ભારતીય અર્થતંત્રને લગતા વિવિધ બાબતો અંગે આંકડાકીય માહિતી પ્રકાશિત કરે છે. છેલ્લા કેટલાક વર્ષોથી આ માહિતી ઓનલાઈન ઉપલબ્ધ કરવામાં આવે છે. યુનિવર્સિટી ગ્રંથાલયમાં વર્ષ ૨૦૧૦-૧૧ માટે પ્રોવેસ ડેટાબેઝનું લવાજમ પ્રથમ વાર ભરવામાં આવ્યું છે. આ ડેટાબેઝમાં કુલ ૧૭૦૦૦ કરતાં વધુ કંપનીઓની માહિતી ઉપલબ્ધ છે. મેનેજમેન્ટ, ફાઈનાન્સ અને અર્થશાસ્ત્ર જેવા વિષયોમાં સંશોધન કરતા અધ્યાપકો, સંશોધકો અને તજજ્ઞો આ ડેટાબેઝનો સરળતાથી ઉપયોગ કરી શકે તે માટે યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે તા. ૧૭-૦૮-૨૦૧૦ના રોજ માનવ સંસાધન વિકાસના વડાશ્રી ડૉ. કિરણ પંડયાના માર્ગદર્શન હેઠળ મદદનીશ ગ્રંથપાલ શ્રી બી.જે. અંકુયાએ એક તાલીમનું આયોજન કર્યું હતું. આ તાલીમમાં યુનિવર્સિટીના અધ્યાપકો અને યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના ૨૦ થી વધુ અધ્યાપકોને CMIEના એકાઉન્ટ એકઝીકયુટીવ શ્રી પ્રશાંત જોષીએ તાલીમ આપી હતી. વધુ માહિતી માટે ગ્રંથાલયના શ્રી ચિંતન ગજ્જરનો સંપર્ક કરવો.

કોલેજ ઓફ નર્સિંગ, સુરતના ૪૦ વિદ્યાર્થી અને ૦૨ અધ્યાપકોએ તા. ૫-૮-૨૦૧૦ના રોજ યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમ્યાન મદદનીશ ગ્રંથપાલ બી.જે.અંકુયા અને ટેક. આસિ. શ્રી એચ.વી. પટેલે યુનિવર્સિટી ગ્રંથાલયની વાંચનસામગ્રી અને સેવાઓનો પરિચય આપ્યો હતો.

# કોલેજ ન્યૂઝ

## Award



Dr. Jyoti Naik, Principal, Navug Arts College, Surat has been nominated and selected for a prestigious "Rashtirya Gaurav Award" by India International Friendship Society, (IIFS) New Delhi for the year 2010. The Award will be presented on 19th September, 2010 ay New Delhi. The Society in the recent past has conferred this honour to several leading personalities like Mother Teresa, Vice President B. D. Jatti, Justice Fatima Beervi, General G. V. Krishna Rao and also Chief Justice P. N. Bhagwati, Chief Election Commissioner C.V.G. Krishnamurti, Shri Veerappa Moliy, former Director of CBI, Joginer Singh etc. in various specialized fields like, Science and Technology, Education, Social Work etc. This indeed is an honour for the College. Congratulation.

## સ્પર્ધા



યુનિવર્સિટી આંતરકોલેજ ટેબલટેનીસ બહેનોની સ્પર્ધા નારણ લાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારી ખાતે યોજાઈ હતી. જેમાં યુનિવર્સિટી સંલગ્ન ૧૨ ટીમોએ ભાગ લીધો હતો. જેના ઉદ્‌ઘાટન પ્રસંગે મુખ્ય મહેમાન શ્રી સંજયભાઈ દેસાઈ, (સિન્ડિકેટ સભ્ય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત, યુનિવર્સિટી,) સમારંભના અધ્યક્ષશ્રી મહેશભાઈ કંસારા (ચેરમેન, નારણ લાલા કોલેજીસ) ડૉ. આર. સી. ગાંધી (ડાયરેકટરશ્રી, ઈન્ચાર્જ આચાર્ય શ્રીમતી ચિરાંગીબેન દેસાઈ, ડૉ. સુનિલભાઈ નાયકે ઉપસ્થિત રહી દીપ પ્રાગટય કર્યું. શ્રી મહેશભાઈ કંસારા અને સંજયભાઈ દેસાઈએ ખેલાડીઓને ખેલદીલીની ભાવનાથી રમવા ઉપરાંત યુનિવર્સિટીની ટીમમાં પસંદગી પામે એવી શુભેચ્છા પાઠવી હતી. ફાઈનલ મેચ નારણ લાલા કોલેજ અને એસ.પી.બી. ઈંગ્લીશ મીડીયમ કોલેજ, સુરત વચ્ચે યોજાઈ હતી. જેમાં છેલ્લા સેટમાં એસ.પી.બી. ઈંગ્લીશ મીડીયમ કોલેજ, સુરત ચેમ્પીયન અને નારણ લાલા કોલેજ રનર્સ અપ રહી હતી. ચેમ્પીયન ટીમને નારણ લાલા કોલેજ વતી ઈન્ચાર્જ આચાર્ય ડૉ. સુનિલ નાયકે ચેમ્પીયન ટ્રોફી એનાયત કરી હતી. તેમજ રનર્સઅપ ટીમ નારણ લાલા કોલેજને બોર્ડ ઓફ સ્પોર્ટ્સના સભ્ય ડૉ. અશોક શાહએ ટ્રોફી એનાયત કરી હતી.


## સ્વર્ણિમ ગુજરાત

શ્રીમતી જ. ફિ. શ્રોફ વિનયન મહાવિદ્યાલય, વલસાડમાં તા.૧૯-૨૦ જુલાઈ ૨૦૧૦ દરમ્યાન શ્રી સોમનાથ સંસ્કૃત યુનિ. અને સંસ્કૃત વિભાગના ૩૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. ઉદ્‌ઘાટન સમારંભની બેઠકમાં કોલેજના ભૂતપૂર્વ ઈન્ચાર્જ આચાર્ય પ્રા.ઝેડ.દેસાઈ એ પ્રધાન વકતા પ્રા.ભારતભાઈ વ્યાસનું સ્વાગત કર્યું હતુ. તા. ૨૦/૭/૨૦૧૦ના રોજ સમાપન બેઠકમાં ઈન્ચાર્જ આચાર્યા ડૉ. રશ્મિબેને અને પ્રા. ડૉ. હંસાબેને પ્રા. ભરતભાઈ વ્યાસની અને સંસ્કૃત વિભાગની આ પ્રવૃત્તિને બિરદાવી હતી. વિદ્યાર્થીઓએ આ દ્વિદિવસીય કાર્યક્રમની સમૂહગીત વ્યાકરણ સંભારંભ, સંવાદ ચિત્રદર્શન પ્રશ્નોતરી જેવી પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને સંસ્કૃતમાં જે સંભાષણ કરવાની અમૂલ્ય તક પ્રાપ્ત થઈ હતી.

તા. ૩૦-૭-૨૦૧૦ ના રોજ સ્વર્ણિમ ગુજરાત-૨૦૧૦ સપ્તધારા અંતગર્ત સાંસ્કૃતિક ધારા અન્વયે બી.બી.અવિચળ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ માંડવીમાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં ટી.વાય.બી.એ.માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી વિજયભાઈ ગામીતે 'વંદેમાતરમ્' દેશભકિત અભિનય ગીત ડાન્સ રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કરી દીધા. પ્રા. જે આઈ. શાહ, ડૉ. કે. એમ. પ્રજાપતિ પ્રા. ભરત ચૌધરીએ પૂર્વઆયોજન કરી આ કાર્ય સફળતાપૂર્વક કરેલ છે.

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માંડવીમાં ગુજરાત સરકારની અમદાવાદ સ્થિત મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન (MGLI) જે સ્વાયત્ત સંસ્થાના પ્રોજેકટ ડાયરેકટર પ્રા. રાકેશભાઈ ભાવસાર દ્વારા અને માંડવી નગર રોજગાર કચેરીના મુખ્ય અધિકારી શ્રી. ઠાકોરભાઈ પટેલના સંયુકત ઉપક્રમે કોલેજ હોલમાં તા. ૨૮-૭-૨૦૧૦ના રોજ જોબ આધારિત પી.જી.ડિપ્લોમાં કોર્ષની જાણકારી માટેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં કોલેજમાં વર્તમાન અભ્યાસ કરતાં વિદ્યાર્થી ભાઈઓ બહેનો તથા રોજગારી કચેરીમાં નોંધાયેલા વિદ્યાર્થીઓને સ્વર્ણિમ ગુજરાત ઉજવણીના વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજનાના બે પોસ્ટ ગ્રેજયુએટ લેવલના અને એક સર્ટીફિકેટ કોર્ષ બાબતે કાઉન્સેલિંગ દ્વારા સંપૂર્ણ માહિતી પૂરી પાડવામાં આવી. વિદ્યાર્થીઓને અભ્યાસ કરતાં કરતાં પાર્ટ ટાઈમ કે ફુલટાઈમ જોબ ઓપોર્ચ્યુનીટી માટે ફાઉન્ડેશન કોર્ષ અને ટ્રીસેમીસ્ટર અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો રહે છે. આ માટે આ સંસ્થા વૈશ્વિક કક્ષાનું માળખું ધરાવે છે. આ તમામ અભ્યાસક્રમો આદિજાતિના વિદ્યાર્થીઓ આ કોર્ષમાં જોડાવા ઈચ્છતા હોય તેમણે નિયત સમયગાળામાં નિયત કરેલ ફોર્મ ભરી કોલેજના કેરીયર કોર્નર કો-ઓર્ડિનેટર પ્રા.જે.આઈ.શાહને અથવા માંડવી નગર રોજગારી કચેરીમાં ઓફિસ સમય દરમ્યાન જમા કરાવવાના રહેશે. આ પૈકી પસંદગી પામેલા વિદ્યાર્થીઓને જે તે જોબ પ્રાપ્ત કરવા ટ્રેનીગ આપીને સક્ષમ બનાવવામાં આવે છે. આચાર્યશ્રી ડૉ. પ્રભુદાસ એમ. જલસાવાળાની આગેવાની હેઠળ કાર્યક્રમનું પૂર્વ આયોજન હાથ ધરાયું. કાર્યક્રમ સંચાલન ટીમ વર્ક દ્વારા પ્રા. જયદીપ શાહ, સ્વર્ણિમ ગુજરાત જ્ઞાનધારા ચેરમેન શ્રી પ્રા. રમણભાઈ પટેલ અને પ્રા. મહેશભાઈ પટેલ તથા વિદ્યાથીવૃંદને જોડવામાં આવ્યા.

## પ્રકાશન



જય ગાયત્રી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી જી.એન.પંડયા બી. એડ. કોલેજ, ભેસ્તાનમાં કોલેજના વાર્ષિક મુખપત્ર 'પ્રાજ્ઞેય' નું વિમોચન યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના ડીનશ્રી ડૉ. જે.પી. ગોહિલ તથા યુનિવર્સિટીના સિન્ડિકેટ સદસ્યશ્રી પ્રિ. ડૉ. યુ.ટી.દેસાઈના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. સંસ્થાના ટ્રસ્ટીશ્રી પંડયાએ શુભેચ્છાઓ પાઠવી હતી.

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**બેહતર ભારત બેહતર દુનિયા.** લેખક : એન.આર.નારાયણ મૂર્તિ. નવી દિલ્હી : પેંગુઈન બુક, ૨૦૦૯. પૃ. ૨૬૨. મૂલ્ય રૂા. ૧૯૯.

A Better India; A Bette Worldનો હિન્દીમાં રસપ્રદ અનુવાદ શુચિતા મીતલે આપ્યો છે. લેખક બેંગ્લોર સ્થિત પ્રસિધ્ધ સોફ્ટવેર પરામર્શ કંપની ઈન્ફોસીસ ટેકનોલોજીસ લિમિટેડના સંસ્થાપક છે. ઈકોનોમિસ્ટ પત્રિકાએ ૨૦૦૫માં લેખકને વિશ્વના સૌથી વધુ પ્રશંસનીય દસ વ્યાપારિક લીડર્સમાં સામેલ કર્યા હતા. ૨૦૦૪ થી ૨૦૦૬ સુધી સળંગ ત્રણ વર્ષ સુધી ઈકોનોમિસ ટાઈમ્સના સૌથી શકિતશાળી સીઈઓની સૂચિમાં ટોચ પર રહયા હતા. ભારત સરકાર ધ્વારા પણ પદમ વિભૂષણ, ફ્રાંસ સરકાર ધ્વારા લીજન ઓફ ઓનર અને બ્રિટિશ સરકાર ધ્વારા પણ સીબીઈ થી નવાજવામાં આવેલ છે. અર્ન્સ્ટ એન્ડ યંગસ વર્લ્ડ એંટરપ્રિન્યર ઓફ ધી યર અને મૈકસ શ્મિડહાઈની લિબર્ટી પુરસ્કાર પણ લેખક મેળવી ચૂકયા છે. ઈન્ડિયા ટુડે, બિઝનેસ સ્ટાન્ડર્ડ, ફોર્બ્સ, બિઝનેસ વીક ટાઈમ, સીએનએન, ફોર્ચ્યૂન અને ફાયનાન્સિયલ ટાઈમ્સની રેન્કિન્ગમાં પણ લેખકે સ્થાન મેળવેલ છે.

આ પુસ્તક ૧૦ ખંડોમાં વિભાજીત છે. પ્રથમ ખંડમાં छात्रों को संबोधन, ખંડઃ૨માં मूल्य, ખંડઃ૩માં अहम राष्ट्रीय मुद्दे, ખંડઃ૪માં शिक्षा, ખંડઃ૫માં नेतृत्वकी चुनौतियां, ખંડઃ૬માં कोर्पोरेट एवम् लोक प्रशासन, ખંડઃ૭માં कोर्पोरेट सामाजिक दायित्व ऐवम् लोक कल्याण ખંડઃ૮માં उद्यमशीलता, ખંડઃ૯માં वैश्विकरण અને ખંડઃ૧૦માં इन्फोसीस ની માહિતી આપણને પ્રાપ્ત થાય છે.

આ પુસ્તક લેખકના વિવિધ ભાષણોનો સંગ્રહ છે. ભારતમાં વિદેશમાં અનેક સંસ્થાઓ-વિશ્વવિદ્યાલય, કોર્પોરેશન, પ્રકાશન અને સંગઠનો-એ લેખકને આ ગ્રંથમાં સમાવિષ્ટ વ્યાખ્યાનો અને લેખોને લખવા માટે આમંત્રિત કર્યા હતા. લેખક કહે છે કે - ભારતમાં રોજગાર પેદા કરવા અને ગરીબીની સમસ્યાના નિવારણ કરવાના શસ્ત્રના સ્વરૂપમાં ઉદ્યમશીલતાનો ઉપયોગ કરવાના કરેલા મારા પ્રયોગોની શરૂઆત સત્તરના દશકામાં ફ્રાંસમાં હું રહયો હતો ત્યારે થઈ હતી અને ઈન્ફોસીસના માધ્યમથી તેને વાસ્તવિકતામાં પરિવર્તિત કરી હતી... આપણે આઝાદ રાષ્ટ્રના તે લક્ષ્યોને મેળવવાની દિશામાં કામ કરવું પડશે, જેની તરફેણ અમેરિકન રાષ્ટ્રપતિ એફ.ડી.રૂઝવેલ્ટે પોતાના પ્રસિધ્ધ ભાષણ ‘ચાર આઝાદીઓ’ માં કરી હતી. ભાષણ અને અભિવ્યકિતની આઝાદી, ધર્મની આઝાદી, અભાવોંની આઝાદી અને ભયની આઝાદી.

भारतमें उच्च शिक्षा में सुधारों के उपायના પ્રકરણમાં લેખક કહે છે કે ‘વિશ્વવિદ્યાલય પ્રકાશ, આઝાદી અને જ્ઞાનનું સ્થાન હોવું જોઈએ. એક દેશની ઉચ્ચશિક્ષણ પ્રણાલીનો ઉદ્દેશ્ય ટકાઉ વિકાસ અને સંપૂર્ણ અર્થવ્યવસ્થામાં સુધારો હોય છે. વિશ્વવિદ્યાલય જ્ઞાનનું સર્જન, સંરક્ષણ અને પ્રસારના માધ્યમથી તેને સંભવ બનાવે છે, જે એક દેશના આર્થિક અને સામાજિક વિકાસ માટે મહત્વપૂર્ણ હોય છે, અને આ રીતે ભવિષ્યના વિકાસને એક દિશા પ્રદાન કરે છે. સંશોધને સાબિત કર્યુ છે કે જે દેશમાં સાક્ષરતાનું સ્તર ઉંચું હોય છે અને જેમણે પોતાના શ્રમિક વર્ગના સ્તરને ઉન્નત કરવા માટે વધુમાં વધુ રોકાણ કર્યુ છે. તેમનો જ આર્થિક વિકાસ વધુ થયો છે’.

આઝાદીના આ પાવન પર્વે ઉચ્ચ શિક્ષણ સાથે સંકળાયેલા સૌ કોઈએ આ પુસ્તક વાંચવું રહયું. આ પુસ્તક યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

જે.આર. મહેતા, કુલસચિવ

## સ્વાધીનતા

कदम मिलाकर चलना होगा ।  
बाधाएं आती है आएं ।  
धिरे प्रलय की धोर घटाएं,  
पांवों के नीचे अंगारे,  
सिर पर बरसें यदि ज्वालाएं,  
निज हाथों से हंसते-हंसते,  
आग लगाकार जलना होगा,  
कदम मिलाकर चलना होगा ।  
हास्य रुदन में, तूफानों में,  
अमर असंख्यक बलिदानों में,  
उधानों में, वीरानों में,  
अपमानों में, सम्मानों में,  
उन्नत मस्तक उमरा सीना  
पीडाओं में पलना होगा,  
कदम मिलाकर चलना होगा ।

(સ્વાધીનતા ૨૦૦૩ ના પાવન પર્વે તત્કાલિન વડાપ્રધાન શ્રી અટલ બિહારી બાજપેયીએ આપેલ ભાષણનો અંશ)

..हर बडे बदलाव के लिए साहस आवश्यक है-संकल्प का साहस, बडे सपने देखने का साहस, और स्वार्थी लोगों के क्रोध का सामना करने का साहस. जहां तक धन का सवाल है, मुजे नहिं लगता हमें बहुत धन चाहिये. लेकिन अगर धन की आवश्यकता है, तो भी हमें हार्वर्ड युनिवर्सिटी के भूतपूर्व अध्यक्ष रोबर्ट बोक के शब्द याद रखने चाहिये, जिन्होंने कहा था, अगर **आपको लगता है कि शिक्षा महंगी है, तो अज्ञानता को आजमा करके देखिये**.

एन.आर.नारायण मूर्ति

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : B J Ankuya, Assistant Librarian
Published by : Shri J R Mehta, Registrar
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 3934179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com